# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજ્ય

☎ (૦૭૯)૨૩૨૫૪૫૦૬(ઓ),
૨૩૨૫૪૩૭૭(અં),
૨૩૨૫૯૭૬૦(ફેકસ)

"વિમા અને લેખા ભવન" બ્લોક નં.–૧૭
ડો .જીવરાજમહેતા ભવન, સેકટર–૧૦ બી.,
ગાંધીનગર–૩૮૨૦૧૦

E-mail : supt-tc-dat@gujarat.gov.in

---

**નંબર:–હિતિનિ/ટીસી/ફા.૧૨૯/બેંક સૂચના/૦૭/૨૦૦૮/૪૧૮૭ થી૪૨૧૪** **તા.૦૪/૦૭/૨૦૦૮**

**પરિપત્ર ક્રમાંક: ૧૩ /૨૦૦૮**

**વિષય:–બેંક દ્વારા સ્વીકારાતા ચલનમાં રકમની વિગતો આંકડા અને શબ્દોમાં લખવા બાબત.**

નાણાં વિભાગના તા.૨૨–૧–૦૮ના પત્ર ક્રમાંક : ટીજેઆર–૧૦૨૦૦૭–ઝેડ તરફ આપનુ ધ્યાન દોરતાં જણાવવાનું કે, જુદી જુદી વ્યકિતઓ કે સંસ્થાઓ દ્વારા જુદા જુદા હેતુસર રાજય સરકારમાં ચલનથી નાણાં જમા કરાવવામાં આવે છે. સંલગ્ન બેંકોએ આવા નાણાંનો સ્વીકાર કરતા સમયે ચલનમાં દર્શાવેલ રકમ શબ્દોમાં અને આંકડામાં ભરેલ છે કે કેમ? તેની પ્રાથમિક ચકાસણી કરવાની રહે છે. અનુભવે જણાયેલ છે કે ઉપરોકત સ્થાયી સુચના હોવા છતાં કેટલીક બેંકો દ્વારા ચલનમાં દર્શાવેલ રકમ આંકડામાં અને શબ્દોમાં એમ બંનેમાં દર્શાવેલ ન હોવા છતાં ચલન સ્વીકારવામાં આવે છે. જેથી નાણાંકીય અનિયમિતતા / છેતરપીંડી થવાની પૂરેપૂરી શકયતા રહે છે. આવા બનાવો ન બને તે માટે નીચેની સુચનાઓ ધ્યાને લેવા વિનંતી.

- ગુજરાત તિજોરી નિયમો–૨૦૦૦ના નિયમ–૩૦૮ મુજબ કોઈપણ બેંકે ચલનમાં જણાવેલ નાણાં ચેક/ રોકડ મારફતે સ્વીકારીને ઓરીજનલ ચલન ઉપર રકમ આંકડામાં અને શબ્દોમાં લખાયેલ છે કે કેમ ? તેની કાળજી લેવાની રહે છે.
- G.T.R.-2000 નાં નિયમ નં ૩૦૮ ની જોગવાઈ મુજબ બેન્કે મુળ(ઓરીજીનલ) ચલનમાં રકમ શબ્દોમાં તેમજ આકડામાં દર્શાવવી અને મુળ (ઓરીજીનલ) ચલન સિવાયની નાણાં આપનારને આપવાની બીજી નકલોમાં રકમની પહોચ આકડામાં દર્શાવવી તેમજ બેન્કનાં અધિકૃત અમલદારે મુળ

(ઓરીજીનલ) કોપી ઉપર પુરેપુરી સહી તેમજ બાકીનાં ચલન ઉપર ટૂંકી સહી કરીને નાણાં સ્વીકાર્યા બદલની પહોંચ (ચલન) આપવાની રહે છે.

➢ ચલન ઉપર રકમના કોલમમાં કે અન્ય જગ્યા કે જયાં રકમનો ઉલ્લેખ થતો હોય ત્યાં ખાલી જગ્યા ન રહે તેની તકેદારી રાખવાની રહે છે.

➢ ચલન ઉપર બેંક દ્વારા જે સિકકા લગાવવામાં આવે છે તે સિકકા સ્પષ્ટરીતે વંચાય તેવા હોવા જોઈએ.

➢ જિલ્લા / તાલુકાઓની સરકારી નાણાં સ્વીકારતી બેંકો દ્વારા ઉપરોકત સૂચનાઓનું પાલન બિનચૂક પણે થાય. તેની ચકાસણી કરવા વિનંતી. જો કોઈ બેંક દ્વારા ઉપરોકત સૂચનાનું પાલન ન કરવામાં આવે તો સંલગ્ન બેંકને આ અંગેની લેખિત જાણ કરી તેની નકલ અત્રે મોકલી આપવી.

➢ જિલ્લાની સંલગ્ન બેંકોને જિલ્લા તિજોરી કચેરી કક્ષાએથી તેમજ તાલુકાની સંલગ્ન બેંકોને પેટા તિજોરી કચેરી કક્ષાએથી આ બાબતનો અમલ થાય તે અંગે જરૂરી સૂચના આપવા તેમજ આ સૂચના બેંકને પણ આપવી. જેથી ગેરરીતિને અવકાશ ન રહે.

➢ આ પરિપત્રની નકલ સાથેની જાણ સૂચના મુજબની અમલવારી સારું આપના હસ્તકની તમામ પેટા તિજોરી કચેરીને બિન ચૂક કરવી.

નિયામક 4/07

**નકલ સવિનય રવાનાઃ–**

૧. નાયબ સચિવશ્રી, (તિજોરીઓ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારું.

**નકલ રવાનાઃ–**

૧. પગાર અને હિસાબી અધિકારીશ્રી, પગાર અને હિસાબી અધિકારીની કચેરી, અમદાવાદ/ ગાંધીનગર

૨. શ્રેયાન તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, અમદાવાદ/ વડોદરા/ રાજકોટ

૩. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ..................